# 18. હુકમ , માલિક

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વક્યોમાં ઉત્તર લખો

**1. જીને અધિકાર પાસે શી શરત મૂકી હતી ?**

- જીને અધિકાર પાસે શરત મૂકી હતી કે જીન એના ઘરમાં આવે એટલે અધિકારે બીજા કોઈ માણસને ઘરમાં નહિ આવવા દેવાના.

**2. અધિકાર જીનને કયા પ્રકારનું હાસ્ય કરવાનું કહે છે ?**

- અધિકાર જીનને અષાઢના આકાશમાં પાણી ભરેલાં કાળાં ડિબંગ વાદળ એકબીજા સાથે અથડાય અને જે ભયાનક અવાજ થતાં ગુફાઓ ધ્રુજી ઉઠે એવું. પહાડ પડી જાય એવું અટ્ટહાસ્ય કરવાનું કહે છે.

**3. અધિકારને કેવા બૂટ લેવાનો અભરખો હતો ?**

- અધિકારને ચાઈનીઝ શૂઝ લેવાનો અભરખો હતો.

2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વક્યોમાં ઉત્તર લખો.

**1. અધિકાર જીન પાસે કેવાં કેવાં કામ કરાવે છે ?**

- અધિકાર જીનને તેના બૂટની દોરી છોડવાનું અને એ દોરી ફરી બાંધવાનું કામ કરાવે છે. ખુરશી ખસેડવી, ભાવનગરી ગાંઠિયાં, ગુલાબજાંબુ લાવવાં, તેને ચાઈનીઝ શૂઝ લાવી આપવાં, ઓછી સાકરવાળી કડક લિપ્ટન ચા બનાવી આપવી, કાપ, રકાબી લઈ જવાં, તેની પાસે નાચગાન કરાવવાં, કોઈ સારું શૃગારી ગીત ગાવાનું, તેની સાથે વાત કરવી, પાણી લાવી આપવું, દવા આપવી હેવાં અનેક રોજિંદા કામો અધિકર જીન પાસે કરાવે છે.

**2. જીન ઘેર નહોતો ત્યારે અધિકારને કેવી કેવી મુશ્કેલીઓ પડતી ?**

- જીન નહોતો ત્યારે અધિકાર ઑફિસેથી થાક્યોપાક્યો ઘેર આવે ત્યારે તેનામાં બૂટની દોરી છોડવાની તાકાત જ રહેતી નહોતી. તેને ચા પીવી હોય તો ચા બનાવવા માટે જાતે પ્રાઈમસ સળગાવવો પડતો. વળી બપોરના સમયે બોલ્લી દૂધ પી ગઈ હોય તો તેને છેક દોઢ ગાઉ દૂર દૂધ લેવા જવું પડતું.

### 3. અધિકારને કેવા બૂટ લેવાનો અભરખો હતો ?

- અધિકારને ચાઈનીઝ શૂઝ લેવાનો અભરખો હતો.

### 4. જીનની લાગણીશૂન્યતા અધિકારને શા માટે પીડે છે ?

- જીનની લાગણેશુન્યતા અધિકારને પીડે છે, કારણ કે જીન માત્ર હુકમની ભાષા સમજે છે. અધિકાર જીનના વખાણ કરે કે તેના પર ગુસ્સે થાય, અપમાન કરે તોપણ એના પર કોઈ અસર થતી નથી. જીનના રોજરોજના અટ્ટહાસ્યથી અધિકાર કાંપી ઉઠે છે છતાં જીનને સહેજે દયા આવતી નથી. અધિકાર ઈચ્છે છે કે જીન તેની સાથે સારી રીતે, હૃદયના ભાવથી, ઉમળકાથી વાતો કરે, તેનાં સુખ-દુઃખમાં સહભાગી થાય, પણ જીન એમને એક પણ વાતમાં સાથ આપતો નથી.

## 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસરઉત્તર લખો :

### 1. અધિકારની મનો વેદના સ્વગતોક્તિરૂપે લખો.

- હું અધિકાર શાસક હતો. પહેલાં ઑફિસેથી અવતો ત્યારે મારામાં બૂટની સોરી છોડવાની પણ તાકાત નહોતી. ચા પીવી હોય તો જાતે પ્રાઈમસ સળગાવવો પડતો. બિલ્લી દૂધ પી ગઈ હોય તો દોઢ ગાઉ સુધી ચાલીને દૂધ લેવા જવું પડતું. પણ પછી તો જીનના આવવાથી હું શાસક અને જીન મારો સેવક. હું ત્રણ તાળી પાડું અને જીન હાજર થઈ જાય. 'જેવો હુકમ માલિક' કહીને હું જેમ કહું તેમ કરે, પણ યંત્રવત. એનામાં લાગણીનો જરાય અંશ નહિ. ઘરમાં કેટકેટલી સુવિધાઓ હતી !! મારે પાસે ચાઈનીઝ શૂઝ હતા, પણ શા કામનાં ? કેવળ ઘરમાં પહેરીને ફરવાનું ? એટલે મને કંટાળો આવે અને ગુસ્સામાં આવીને હું બૂટને દિવાલ પર જોરથી ફંગોળું. હું નિરાશ થઈ ગયો. સમય પસાર કરવાના બહાનાં શોધું. હવે તો મને આ ઘર ઘર નહિ, પણ જેલ જેવું લાગે છે. એમાં વળી જીને મારી પાસે શરત મૂકી હતી કે જીન સિવાય કોઈને ઘરમાં દાખલ થવા દેવાં નહિ. મારી જિંદગીમાં કોઈ રસ રહ્યો નહિ. આવું એકલવાયું જીવન કેમ જીવાય ? મારો ગુસ્સો હું જીન એના પર તૂટી પડ્યો અને તેને મારી નાખ્યો. એની મરણચીસ સાંભળતાં જ હું જમેન પર ફસડાઈ પડ્યો અને મારું શરીર ખેંચાવા લાગ્યું. મને ખૂબ તરસ લાગી હતી. મને ખાંસી આવી. મારી દવા લેવાનો સમય થતાં તાળી પાડી મેં જીનને બોલાવવા હાથ ઊંચો કર્યો, પણ મારો હાથ ઊંચકાયો નહિ. મારુ આખુ જમણું અંગ ઝલાઈ

2. માનવ સામાજિક અને સંવેદનશીલ જીવે છે.' આ વિધાન 'હુકમ માલિક' એકાંકીના આધારે સમજાવો.

- 'હુકમ માલિક' એકાંકીનો અધિકાર સમાજિક જીવ છે. તે સમાજને વચ્ચે રહેવા માગે છે; ઘરમાં કેવળ તે અને જીન સિવાય બીજું કોઈ નથી. તે ખાવાપીવાનો, સારાં કપડાં પહેરવાનો, બૂટ પહેરવાનો, નાચગાન જોવાનો શોખીન છે, પણ તમમ શોખ માત્ર ઘર સુધી જ સીમીત રહે છે. એ વાત તેને મનમાં ખૂંચે છે. ઘરની ચાર દિવાલ વચ્ચેનું જીવન તેને આકરૂં, નીરસ, કંટાળાજનક લાગે છે. તે જીનથી ચૂટવા માગે છે. જીનની શરતના કારણે તે ઘરમાં કોઈને બોલાવી શકતો નથી. આ એના જીવનની કરુણા છે. આમ, અનેક સિવિધા હોવા છતાં અધિકાર સમાજથી, મિત્રોથી વિખુટો પડી ગયો છે. એ માનસોને ઝંખે છે, પણ એની ઝંખના અધૂરી રહે છે અને અંતે તેના મૃત્યુનું કારણ બને છે. આ જ દર્શાવે છે કે માનવ સામાજિક અને સંવેદનશીલ જીવ છે.